જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૭/૨૦૧૬ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૧૨/૧૬</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી ૧૬૦ લીટર દેશી દારૂ, ૨૩૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૬૮૦ ક્વૉટર ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૫ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૧,૯૨૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૧૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૮ વ્યક્તિઓની તથા પ્રોહી.૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**<u>અપહરણની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૧૪/૧૬</u>**

**વેજલપુરઃ** અસ્માબહેન મોહમદઈશાક દેશવાલી (ઉ.વ.૧૭) (રહે.ક્લાસીક બંગલોઝ રોયલ નવાબ એવન્યુ મોતી બેકરી સામે જુહાપુરા) ને તા.૧૨/૭/૧૬ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી સેફાન યાસીન કુરૂવાલા (રહે. બુંગણીની પોળ છીપાવાડ ઈકબાલ હોતલ સામે જમાલપુર) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ અસ્માબહેનના પિતા મોહમદઈશાક દેશવાલીએ તા.૧૮/૭/૧૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ વી પટેલ ચલાવે છે.

**<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૧૫/૧૬</u>**

**સરખેજઃ** (૧) હેમંતભાઈ કાથળભાઈ ચૌહાણ (રહે.જંગી રોડ સામખિયારી ભચાઉ-કચ્છ) એ તા.૧૮/૭/૧૬ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૬/૧૬ બપોરનાં ૪/૩૦ વાગ્યાના સુમારે સરખેજ સાણંદ સ્કુલ ખાતે આવેલ સાબર હોટલ નજીકથી હેમંતભાઇને વિશ્વાસમાં લઇ આરોપી દિલીપભાઇ કાંતીલાલ વડગામા (મિસ્ત્રી)(રહે.બાવા ખાખરીયા, તા.કાલાવાડ જી.જામનગર) એ “મારા મિત્રને લઇને આવુ છું તુ અહીંયા ચા નાસ્તો કર” તેમ કહી હેમંતભાઇની અર્ટીકા કાર નંબર જીજે.૧૨.સી.જી.૭૮૭૮ કિંમત રૂપિયા ૬,૩૦,૦૦૦/- મતાની લઇ પલાયન થઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.પઠાણ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

(૨) **ભીખાભાઈ** રામાભાઇ વાઘેલા (રહે.દેવરાજનગર, શ્રીરામ ટેનામેન્ટની પાછળ, શાહવાડી, નારોલ) એ તા.૧૮/૭/૧૬ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૧૦/૨૦૧૦ થી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) કમલભાઇ બી.પરમાર (કિશ્ર્ના સર્વ વિકાસ ટ્રસ્ટ) (રહે.ગોપાલ આવાસ પ્રેરણા તીર્થ ડેરાસર રોડ, જોધપુર) (૨) ભરતભાઇ પટેલ (રહે, શ્રીનંદનગર વેજલપુર) (૩) એજન્ટઃ- જમનાબહેન મહેશભાઇ (રહે.કબાડી માર્કેટની બાજુમાં, વિજય સોસાયટી નજીક બહેરામપુરા) નાઓએ ભેગામળી ભીખાભાઇને તેમજ અન્ય સાહેદોને કિશ્ર્ના સર્વ વિકાસ ટ્રસ્ટનાં નામે સસ્તા ભાવે સરકારી સહાયથી મકાન અપાવવાનો વિશ્વાસ અપાવી, ભીખાભાઇ પાસેથી મકાનનાં હપ્તાની કુલ રકમ ૧,૨૯,૩૦૦/- અને સાહેદો પાસેથી ૬,૪૧,૧૫૦/- મેળવી, તે પેટે કોઇ મકાન નહીં અપાવી તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.પઠાણ ચલાવે છે.

**નવરંગપુરા : સીજુ કુરીયા કોસ (રહે.સુભાષનગર, ચાંદખેડા) એ** તા.૧૮/૭/૧૬ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૧૦/૨૦૧૫ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન નવરંગપુરા આશ્રમરોડ સીટી ગોલ્ડ સીનેમા પાસે, આવેલ નેશનલ બિલ્ડીંગનાં ફ્સ્ટ ફ્લોર ઉપર આવેલ રૈન મુદ્રા સર્વીસીસ નામની કંપનીનાં એમ.ડી. તથા ડાયરેક્ટરો (૧) મનોજ માનસિંગ ચૌહાણ (૨)પ્રણવ માનસિંગ ચૌહાણ (૩) મુકેશ કટારા (૪) દિપક ઝા (૫) બીપીન તીવારી (૬) અનુપા તીવારી અને (૭) રાજેન્દ્ર રાજપુતએ ભેગામળી સીજુ કોસને એપ્લીકેશન ડાઉનલોડ કરી, આઇ.ડી.ખોલાવી, જેનું ધર્મ નગર સાબરમતી બ્રાન્ચમાં એકાઉન્ટ ખોલાવી, રૈન મુદ્રા સર્વીસીસ કંપનીનાં એક્સીસ બેંક એકાઉન્ટમાં આર.ટી.જી.એસ. જમા કરાવી, રૈન મુદ્રા કંપનીનાં ૧૫,૦૦૦/- તથા બીજા ૪૦ આઇ.ડી. ખોલી તેની કુલ રકમ ૬,૦૦,૦૦૦/- તેમજ સીજુ કોસનાં આઇ.ડી.માં કરેલ કામની કુલ આવક ૨,૭૨,૩૪૦/- અને આરોપી બીપીન તીવારીએ ખોલાવેલ ૧૪ આઇ.ડી.ની કુલ આવક રૂપિયા ૨,૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૦,૮૨,૩૪૦/- નું વળતર કહી ચુકવી, વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.વી.દેસાઇ ચલાવે છે.

<u>ઘરફોડઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૩૧૬/૧૬</u>

**રામોલઃ** પ્રવિણભાઈ નારણદાસ પટેલ (રહે.રાજરત્ન બંગલોઝ જશોદાનગર ચોકડી એમઓ પટેલ ફાર્મ હાઉસ પાછળ જીઆઈડીસી વટવા) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૭/૧૬ સાંજના ૫/૩૦ થી તા.૧૮/૭/૧૬ કલાક ૮/૩૦ વાગ્યા દરમ્યાન રબારી કોલોની ખાતે આવેલ ગાયત્રી મંદિર પાછળ મણીલાલ મુખી એસ્ટેટ શેડ નંબર-૬/૦૨ માંથી કોપર વાયર ૨૦૦ કિલો કિમત રૂપિયા ૬૦,૦૦૦/- , સીસીટીવી કેમેરા નંગ-૧૧ કિમત રૂપિયા ૧૬,૫૦૦/- ડીવીઆર નંગ-૨ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- તેમજ અન્ય ચીજ-વસ્તુ મળી કુલ રૂપિયા ૯૧,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી આઈ સોલંકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૩૧૭/૧૬**

**"એન" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ પ્રમોદભાઇ ધીરજલાલ ચૌહાણ (રહે.શ્રીનંદનગર વિભાગ-૪, સોનલ રોડ, વેજલપુર) એ "એન" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે** તા.૧૮/૭/૧૬ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે જશવંતસિંહ સતરસિંહ ચૌહાણ (ઉ.વ.૩૦)(રહે.સુર્યનગરનાં છાપરાં, આનંદનગર) નાઓ એસ.જી.હાઇવે ઇસ્કોન બ્રીજ, કર્ણાવતી ક્લબની સામે રોડ ઉપર પોતાની રીક્ષા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી જશવંતભાઇની રીક્ષાને ટક્કર મારતાં, જશવંતસિંહને શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૭/૧૬ રાતનાં ૧૦/૦૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે "એન" ટ્રાફીક પોલીસે ગુનો નોધી આ અંગેની તપાસ પો.ઈ.શ્રી ડી.જી.વાઘેલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૧૮/૧૬**

**શહેરકોટડાઃ નરેશભાઈ ભીમજીભાઈ પરમાર** (રહે.પિકર્સની ચાલી અનિલ સ્ટાર્ચ રોડ સરસપુર) એ છેલ્લા છ માસથી બિમારીથી કંટાળી તા.૧૮/૭/૧૬ બપોરના ૩/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ગણપતસિહ વખતસિહ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)